सत्यमेव जयते

**ગુજરાત રાજ્ય**

# સને ૨૦૧૬–૧૭ ના વર્ષ માટેનો મહાનગરપાલિકા ઓડિટ અહેવાલ


**નિરીક્ષક,**

**સ્થાનિક ભંડોળ હિસાબ,**

**બ્લોક નં.૧૭, ડૉ.જીવરાજ મહેતા ભવન,**

**ગુજરાત રાજ્ય, ગાંધીનગર–૩૮૨૦૧૦.**

सत्यमेव जयते

**ગુજરાત રાજ્ય**

# સને ૨૦૧૬–૧૭ ના વર્ષ માટેનો
# મહાનગરપાલિકા ઓડિટ અહેવાલ

**નિરીક્ષક,**

**સ્થાનિક ભંડોળ હિસાબ,**

**બ્લોક નં.૧૭, ડૉ.જીવરાજ મહેતા ભવન,**

**ગુજરાત રાજ્ય, ગાંધીનગર–૩૮૨૦૧૦.**

GCPG-Y-411-07-25-DTP-2

# સને ૨૦૧૬–૧૭

# પ્રકરણ ૪

# રાજકોટ મહાનગરપાલિકા

# પ્રકરણ ૪ : રાજકોટ મહાનગરપાલિકા


| ક્રમ | ફકરાની વિગત | પાના નં. |
|---|---|---|
| ૪.૧ | સંસ્થા દ્ધારા અન્વેષણ દરમિયાન મહાનગરપાલિકાની જુદી–જુદી શાખાઓ પાસેથી માંગવામાં આવેલ માહિતી તેમજ રેકર્ડ પુરૂ નહી પાડવા બાબત. (ફકરા નં.૫) | ૭૩ |
| ૪.૨ | સંસ્થા દ્ધારા અન્વેષણમાં વાઉચરો રજુ નહિ થવા અંગે. (ફકરા નં.૬) | ૭૩ |
| ૪.૩ | અધિકારી/કર્મચારીઓને અનિયમિત ચુકવવામાં આવેલ ઉચ્ચતર પગાર ધોરણ બાબત. (ફકરા નં.૧૨) | ૭૪ |
| ૪.૪ | પાર્કીંગની જરૂરી જગ્યામાં કરેલ અનધિકૃત બાંધકામ માટે જંત્રી ભાવ મુજબ ઇમ્પેક્ટ ફી નહી વસુલ કરવા બાબત. (ફકરા નં.૧૫) | ૭૫ |
| ૪.૫ | એડીશનલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ચાર્જ (PAID FSI) ની ઓછી વસુલાત તથા વસુલાત નહી કરવા બાબત. (ફકરા નં.૧૭) | ૭૫ |
| ૪.૬ | લાંબા સમયથી બાકી રહેલ કર માંગણાની વસુલાત નહી થવા બાબત. (ફકરા નં.૨૪) | ૭૬ |
| ૪.૭ | મહાનગરપાલિકાની મુખ્ય આવકના સ્ત્રોત એવા સામાન્ય કરની નબળી વસુલાત કામગીરી. (ફકરા નં.૨૫) | ૭૮ |
| ૪.૮ | રેસકોર્ષ સંકુલ ખાતે સિન્થેટિક આર્ટીફિશ્યલ ગ્રાસ (ટર્ફ) હોકી મેદાન બનાવવાના કામ બાબત. (ફકરા નં.૭૧) | ૮૦ |
| ૪.૯ | વોર્ડ નં.૧૨ રૈયા રોડ ટીપી સ્કીમ નં.૪ ફાઇનલ પ્લોટ નં.૬૮૨ ઉપર ઓડીટોરીયમ બનાવવાના કામ બાબત. (ફકરા નં.૭૩) | ૮૧ |
| ૪.૧૦ | નાકરાવાડી ખાતે બનાવવામાં આવેલ લેન્ડફીલ સેલ–૧ને કેપીંગ કરવાનાં કામની ફાઈલમાં જણાયેલ અનિયમિતતા બાબત. (ફકરા નં.૮૫) | ૮૨ |

# **પ્રકરણ ૪ : રાજકોટ મહાનગરપાલિકા**

## **૪.૧ સંસ્થા દ્વારા અન્વેષણ દરમિયાન મહાનગરપાલિકાની જુદી–જુદી શાખાઓ પાસેથી માંગવામાં આવેલ માહિતી તેમજ રેકર્ડ પુરૂ નહીં પાડવા બાબત (ફકરા નં.૦૫)**

ગુજરાત લોકલ ફંડ અધિનિયમ–૧૯૬૩ની કલમ–૪ તથા ૫ હેઠળ અન્વેષણમાં માંગ્યા મુજબની માહિતી / રેકર્ડ રજુ કરવાની સંસ્થાની વૈધાનિક જવાબદારી છે, તેમ છતાં અવાર નવાર રેકર્ડ રજૂ કરવા સંબંધકર્તાને જણાવવા છતા ઉકત નિયમોની અમલવારી સંસ્થા દ્વારા થયેલ નથી.

મહાનગરપાલિકા રાજકોટના સને ૨૦૧૬–૧૭ના અન્વેષણ દરમિયાન ઓડિટ માટે મહાનગરપાલિકાની તમામ શાખાઓ પાસેથી જરૂરી માહિતી તથા રેકર્ડ મેળવવા માટે ક્રમાનુસાર પ્રાથમિક વાંધાઓ રવાના કરવામાં આવેલ હતાં, પરંતુ મૂળ ફકરામાં સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતોનું રેકર્ડ/માહિતી સંબંધીત શાખાઓને અવાર–નવાર પ્રાથમિક વાંધાઓ તથા સ્મૃતિપત્રો પાઠવવા છતાં અન્વેષણનો સમય પૂર્ણ થતાં સુધી ઓડિટ સમક્ષ રજુ કરેલ નથી, પરિણામે પરિશિષ્ટની વિગતેની માહિતી તથા રેકર્ડની ચકાસણી કરેલ નથી.

વિધાનસભા અહેવાલનો સૂચિત ફકરો તા.૦૩–૦૨–૨૦૨૨ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર તથા કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો. જેનો જવાબ તા.૨૦–૦૪–૨૦૨૨ના રોજ મળેલ છે. જે ગ્રાહ્ય રાખેલ નથી.

## **૪.૨ સંસ્થા દ્વારા અન્વેષણમાં વાઉચરો રજુ નહિ થવા અંગે (ફકરા નં.૦૬)**

(૧) મહાનગરપાલિકા રાજકોટના સને ૨૦૧૬–૧૭ ના અન્વેષણ દરમિયાન પસંદગીના માસ માહે મે –૨૦૧૬ તથા માર્ચ–૨૦૧૭ વાઉચરો રજુ કરવા હિસાબી શાખા તથા અન્ય દરેક શાખાને પ્રાથમિક વાંધા ઇસ્યુ કરી જણાવેલ હતું. શાખા દ્વારા રજુ થયેલ વાઉચરોનું ડ્રોઇંગ શીટ સાથે મેળવણું કરતા નીચે મુજબનાં વાઉચર અન્વેષણમાં રજુ થયેલ નથી.

| **ક્રમ** | **માસ** | **વાઉચરોની સંખ્યા** | **રકમ( રૂ.)** |
|---|---|---|---|
| ૧ | મે–૨૦૧૬ | ૮૧૧ | ૯,૧૨,૯૫,૮૧૯/- |
| ૨ | માર્ચ–૨૦૧૭ | ૧૪૪૯ | ૮,૩૧,૪૦,૫૨૬/- |
| **કુલ** | | **૨૨૬૦** | **૧૭,૪૪,૩૬,૩૪૫/-** |

(૨) સને ૨૦૧૬–૧૭નાં વર્ષ દરમિયાન થયેલ રૂ.૫.૦૦ લાખથી વધુની રકમનાં ખર્ચના નીચે મુજબનાં વાઉચર અન્વેષણમાં રજુ થયેલ નથી.

| **ક્રમ** | **વર્ષ** | **રૂ.૫ લાખથી વધુની રકમનાં ખર્ચના વાઉચરોની સંખ્યા** | **રકમ (રૂ.)** |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૬–૧૭ | ૧૨૮૦ | ૧,૧૩,૯૫,૪૩,૮૧૦/- |

ઉક્ત વિગતે બે માસનાં વાઉચર રજુ નહિ થવાથી તેમાં કોઇ ગેરરીતી કે અનિયમિતતા હોય તો ઓડિટમાં જાણી શકાયેલ નથી.

વિધાનસભા અહેવાલનો સૂચિત ફકરો તા.૦૩–૦૨–૨૦૨૨ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર તથા કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો. જેનો જવાબ તા.૨૦–૦૪–૨૦૨૨ના રોજ મળેલ છે. જે ગ્રાહ્ય રાખેલ નથી.

## ૪.૩ અધિકારી/કર્મચારીઓને ચુકવવામાં આવેલ ઉચ્ચતર પગાર ધોરણમાં જણાયેલ અનિયમિતતા બાબત (ફકરા નં.૧૨)

સને ૨૦૧૬–૧૭ના અન્વેષણ દરમિયાન સંસ્થાના (મહેકમ શાખા) કમિશ્નર શાખાના અધિકારીશ્રીઓની સેવાપોથીની ચકાસણી કરવામા આવેલ હતી, જેમાં ધ્યાને આવેલ અનિયમિતતા અંગે ઓડિટ નોંધ આપવામા આવે છે.

(૧) રાજકોટ મહાનગરપાલિકાના મહેકમ શાખાના (કમિશ્નર શાખાના) (૧) શ્રી વાસંતીબેન એસ પ્રજાપતિ (૨) શ્રી આર આર રૈયાણી (૩) એચ કે કગથરા (૪) શ્રી એચ આર પટેલ (૫) શ્રી એસ જે ધડુક (૬) શ્રી જે પી રાઠોડ અધિકારીશ્રીઓની સેવાપોથીની ચકાસણી કરતા શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક રમન–૧૦૨૦૦૮–૩૨૩૦–પી તા.૧૩–૦૮–૨૦૦૮ થી જેઓનુ પગાર ધોરણ રૂ. ૮૦૦૦–૨૭૫–૧૩૫૦૦ હતુ તેવા અધિકારીશ્રીઓને પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ રૂ. ૧૦૦૦૦–૩૨૫–૧૫૨૦૦ ધી બોમ્બે પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ ૧૯૪૯ની કલમ–૫૧(૪) નીચે મંજુર કરવામાં આવેલ છે તેમજ અન્ય અધિકારીશ્રીઓનુ જેઓનુ પગાર ધોરણ રૂ. ૮૦૦૦–૨૭૫–૧૩૫૦૦ હતુ તેવા અધિકારીશ્રીઓને પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ રૂ. ૧૦૦૦૦–૩૨૫–૧૫૨૦૦ મંજુર કરવામાં આવેલ છે, આવા મંજુર થયેલ ઉચ્ચતર પગાર ધોરણ નાણાં વિભાગના ઠરાવ તા.૧૬–૦૮–૧૯૯૪ અને તા.૦૨–૦૭–૨૦૦૭ મુજબ મળવાપાત્ર થતુ નથી. સરકારશ્રીના નાણાં વિભાગની જોગવાઇ વિરુધ્ધ હોય આ ઉચ્ચતર પગાર ધોરણ રદ કરવાપાત્ર થાય છે, અન્યથા નાંણા વિભાગની મંજુરી મેળવી આપવાના થાય, પરંતુ નાંણા વિભાગની મંજૂરી મેળવેલ નથી.

(૨) નાણાં વિભાગના ઠરાવ તા.૧૬–૦૮–૧૯૯૪ અને તા.૦૨–૦૭–૨૦૦૭ ના ઠરાવની જોગવાઇ મુજબ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ/કર્મચારીઓને આ ઉચ્ચતર પગાર ધોરણની યોજના લાગુ પડતી નથી. ઉચ્ચતર પગાર ધોરણ આપવા બાબતે નાણાં વિભાગની મંજુરી મેળવવાની રહે, અન્યથા મંજુર કરાયેલ ઉચ્ચતર પગાર ધોરણ રદ કરી વસુલાત કરવાની થાય, જે કરેલ નથી.

વિધાનસભા અહેવાલનો સૂચિત ફકરો તા.૦૩–૦૨–૨૦૨૨ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર તથા કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો. જેનો જવાબ તા.૨૦–૦૪–૨૦૨૨ના રોજ મળેલ છે. જે ગ્રાહ્ય રાખેલ નથી.

## ૪.૪ પાર્કીંગની જરૂરી જગ્યામાં કરેલ અનધિકૃત બાંધકામ માટે જંત્રી ભાવ મુજબ ઈમ્પેકટફી નહી વસુલ કરવા બાબત (ફકરા નં.૧૫)

રાજકોટ મહાનગરપાલિકાના સને ૨૦૧૬–૧૭ ના વર્ષના અન્વેષણ દરમિયાન પસંદગીના માસની અનધિકૃત બાંધકામને અધિકૃત કરતી ફાઈલોની ચકાસણી કરતા નીચે મુજબ ઓડિટ નોંધ આપવામા આવે છે.

ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા અંગેના અધિનિયમ–૨૦૧૧ અને નિયમો–૨૦૧૨ની સરળ સમજુતી મૂદ્દા–૧ (એચ) મુજબ ખુટતા પાર્કિંગની જગ્યામાં થયેલ બાંધકામ માટે ફીનું ધોરણ તા.૨૮/૦૩/૨૦૧૧ના રોજ અમલી બનેલ છે. જંત્રી મુજબ રહેણાંક માટે જંત્રીદરનાં ૧૦% તથા રહેણાંક સિવાય ૨૦૦ ચો.મી. સુધી જંત્રી દરનાં ૨૫% ફી લઈ અનધિકૃત બાંધકામ નિયમિત કરવાનું ઠરાવેલ છે.

ઈમ્પેકટ–૨૦૧૧ અન્વયે જંત્રી–૨૦૧૧માં નીચેની વિગતે જંત્રીના ભાવ–ચાર વિભાગમાં ઠરાવેલ છે.

(૧) વિકસીત ખુલ્લી જમીનના ભાવ

(૨) જમીન + બાંધકામ ભાવમાં (અ) રહેણાંક, (બ) ઓફીસ, (ક) દુકાન,

(૩) ઔધોગીક ખુલ્લી જમીનના ભાવ

(૪) ખેતીની જમીનનાં ભાવ પ્રતિ ચો.મી. દર્શાવેલ છે.

સંસ્થા દ્વારા મૂળ ફકરામાં સામેલ પરિશિષ્ટનાં કિસ્સાઓમાં ૨૦૦૬–૦૭ના જંત્રી દર મુજબ ઈમ્પેકટ ફી વસુલ કરેલ છે. જે ખરેખર ઈમ્પેકટ ૨૦૧૧ અન્વયે જંત્રીદર – ૨૦૧૧ મુજબ વસુલ કરવાના રહે છે. તેમજ આ અનધિકૃત બાંધકામમાં જમીન + બાંધકામનો સમાવેશ થતો હોય ખુટતા પાર્કિંગની જગ્યામા કરેલ અનધિકૃત બાંધકામને નિયમિત કરવા ઉક્ત ઠરાવ તથા જંત્રીમા જણાવ્યા મુજબ રહેણાંક તથા બિનરહેણાંક માટે જમીન + બાંધકામના ભાવને ધ્યાને લઈ ઈમ્પેકટ ફી વસુલ કરવાની રહે છે. જેના બદલે સંસ્થા દ્વારા સને ૨૦૦૬–૦૭ મુજબના જંત્રીમા દર્શાવેલ ખુલ્લી જમીનના ભાવને ધ્યાને લઈ ઈમ્પેકટ ફી વસુલ કરેલ હતી.

મૂળ ફકરામાં સામેલ પરિશિષ્ટ મુજબ કુલ રૂ.૬,૧૮,૯૩૮/–ઈમ્પેકટ ફી ખુટતા પાર્કિંગમાં કરેલ અનધિકૃત બાંધકામને નિયમિત કરતા ઉક્ત ઠરાવેલ જોગવાઈ મુજબ વસૂલાત કરેલ નથી.

વિધાનસભા અહેવાલનો સૂચિત ફકરો તા.૦૩–૦૨–૨૦૨૨ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર તથા કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો. જેનો જવાબ તા.૨૦–૦૪–૨૦૨૨ના રોજ મળેલ છે. જે ગ્રાહ્ય રાખેલ નથી.

## ૪.૫ એડીશનલ ઈન્ફ્રાસ્ટ્રકચર ચાર્જ (PAID FSI) ની ઓછી વસુલાત તથા વસુલાત નહી કરવા બાબત (ફકરા નં. ૧૭)

મહાનગરપાલિકા રાજકોટના સને ૨૦૧૬–૧૭ના અન્વેષણ વર્ષમાં (સેન્ટ્રલ, વેસ્ટ, ઈસ્ટ ઝોન) ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા ગુજરાત સરકારના નોટીફીકેશન નં:જીએચ/વી/૨૦ઓફ૨૦૧૩/ડીવીપી /૧૩૨૦૧૨–૩૮૪૪એલ તા.૨૯–૧–૨૦૧૩ અને તા.૧૫–૩–૨૦૧૩ અન્વયે અધિક એફ.એસ.

આઇ. મંજુરી અર્થે રજુ થયેલ વિકાસ પ્લાન પૈકી અન્વેષણમાં નીચે મુજબનાં પસંદ કરેલ માસના નમૂનારૂપ કેસોની ચકાસણી કરેલ છે. જે અંગે નીચેની વિગતે અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

| ક્રમ | ઝોન | પસંદગી માસ | ર.ચી. નંબર | કુલ ફાઈલો |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | સેન્ટ્રલ | મે ૨૦૧૬ | ૪૫ થી ૯૩ | ૪૯ |
| | | માર્ચ ૨૦૧૭ | ૫૭૫ થી ૬૨૯ | ૫૫ |
| ૨ | વેસ્ટ | મે ૨૦૧૬ | ૭૪ થી ૧૮૭ | ૧૧૪ |
| | | માર્ચ ૨૦૧૭ | ૧૨૦૮ થી ૧૩૫૦ | ૧૪૩ |
| ૩ | ઈસ્ટ | મે ૨૦૧૬ | ૫૬ થી ૧૨૨ | ૬૭ |
| | | માર્ચ ૨૦૧૭ | ૯૮૦ થી ૧૦૯૮ | ૧૧૯ |

ગુજરાત સરકારના નોટીફીકેશન નં :જીએચ/વી/૨૦ઓફ૨૦૧૩/ડીવીપી/૧૩૨૦૧૨-૩૮૪૪એલ તા.૨૯-૧-૨૦૧૩ અને તા.૧૫/૩/૨૦૧૩ના નોટીફીકેશન મુજબના મુદ્દા-૧ અને ૨ મુજબ અધિક એફ.એસ.આઇ.ના ઉપયોગ માટે જે તે વિસ્તારમાં મળવા પાત્ર એફ.એસ.આઇ.નું પ્રમાણ અને જંત્રીદરના ૪૦% મુજબ વધારાની એફ.એસ.આઇ. ૨૫%ની મર્યાદામાં મંજુર કરી શકાય છે જે અંગે પ્રસ્તુત કિસ્સામાં ઉપરોકત જોગવાઇની અમલવારી કરવામાં આવે છે, પરંતુ સંસ્થા દ્વારા મૂળ ફકરમાં સામેલ પરિશિષ્ટ-અના નમૂનારૂપ કિસ્સાઓમાં એફ.એસ.આઈ.ની રૂ.૨૯,૫૭,૪૧૦/- ઓછી વસુલાત થયેલ છે. તેમજ મૂળ ફકરામાં સામેલ પરિશિષ્ટ-બના નમૂનારૂપ કિસ્સાઓમાં એફ.એસ.આઈ.ની રૂ.૩૮,૩૪,૬૬૬/- વસુલાત થયેલ ન હતી.

વિધાનસભા અહેવાલનો સૂચિત ફકરો તા.૦૩-૦૨-૨૦૨૨ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,ગાંધીનગર તથા કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો. જેનો જવાબ તા.૨૦-૦૪-૨૦૨૨ના રોજ મળેલ છે. જે ગ્રાહ્ય રાખેલ નથી.

## ૪.૬ લાંબા સમયથી બાકી રહેલ કર માંગણાની વસુલાત નહીં થવા બાબત (ફકરા નં.૨૪)

મહાનગરપાલિકા રાજકોટના સને ૨૦૧૬-૧૭ના અન્વેષણ દરમિયાન વેરા વસુલાત શાખાના પ્રોપર્ટી ટેક્સ અંગેના સોફ્ટવેર પરથી મેળવેલ માહિતી મુજબ વર્ષની શરૂઆત તથા ચાલુ વર્ષની ડીમાન્ડ સાથેનું કુલ માંગણું રૂ.૭,૩૭,૯૮,૦૬,૧૭૪/- હતું. જે પૈકી વર્ષ દરમિયાન ફકત રૂ.૨,૬૨,૮૧,૭૫,૯૧૩/- વસુલાત થયેલ હતી, જે કુલ માંગણાની ફકત ૩૫.૬૧% જેટલી વસુલાત થયેલ છે. જ્યારે વર્ષના અંતે હજુ રૂ.૪,૭૫,૧૬,૩૦,૨૬૧/- (૬૪.૩૯%) જેટલી વસુલાત જે-તે કરદાતા પાસેથી વસુલ કરવાનું બાકી હતું.

સંસ્થા દ્વારા જે-તે કરદાતા પાસેથી બાકી રહેતી વસુલાત પૈકી લાંબા સમયથી કર ન ભરેલ હોય તેવા પાંચ લાખથી વધુ રકમના બાકી માંગણાવાળા કરદાતાઓની સંખ્યા ૪૦૯ હતી. તેમની પાસેથી કુલ રૂ.૪૩,૫૯,૭૫,૩૮૩/- જેટલો વેરો મૂળ ફકરામાં સામેલ પરિશિષ્ટ-ક મુજબ વસુલવાનો બાકી છે

તેમજ આ સિવાયના અન્ય કરદાતા પાસેથી રૂ.૪,૩૧,૫૬,૫૪,૮૭૮/- જેટલી એમ કુલ રૂ.૪,૭૫,૧૬,૩૦,૨૬૧/- બાકી રહેતી રકમની વસુલાત કરેલ નથી.

➢ **કેન્દ્ર તથા રાજ્ય સરકારની મિલકતોનાં બાકી રહેલ કર માંગણાની વસુલાત નહી થવા બાબત.**

મહાનગરપાલિકા રાજકોટના સને ૨૦૧૬-૧૭ના અન્વેષણ દરમિયાન વેરા વસુલાત શાખાનાં પ્રોપર્ટી ટેક્સ અંગેના સોફ્ટવેર પરથી મેળવેલ માહિતી મુજબ ઉપરોક્ત કુલ માંગણા પૈકી સરકારી કચેરીઓનાં દસ લાખ ઉપરનાં બાકી માંગણાની માહિતી નીચે મુજબ છે, જે કરદાતા પાસેથી વસુલ કરવાનું બાકી છે.

| ક્રમ | વિગત | સંસ્થાની સંખ્યા | બાકી માંગણુ (રૂ.) |
|---|---|---|---|
| ૧ | કેન્દ્ર સરકારની કચેરીઓ | ૫ | ૧૪,૪૯,૬૪,૩૪૧/- |
| ૨ | રાજ્ય સરકારની કચેરીઓ | ૫૬ | ૧૯,૦૮,૬૯,૬૦૬/- |
| **કુલ બાકી માંગણુ** | | **૬૧** | **રૂ.૩૩,૫૮,૩૩,૯૪૭/-** |

(૧) સંસ્થા દ્વારા જે-તે કરદાતા પાસેથી બાકી રહેતી વસુલાત પૈકી કેટલીક વસુલાત લાંબા સમયથી કર ન ભરેલ હોય તેવા છે. જેમ કે રેલ્વે પાસેથી ખુબ લાંબા સમયની બાકી વસુલાત ભેગી થઇને રૂ.૧૨,૬૬,૯૫,૩૧૦/- ચડત છે. કેન્દ્ર તથા રાજ્ય સરકારનાં એક કરોડથી વધુ બાકી માંગણાવાળી કચેરીઓની વિગત નીચે દર્શાવેલ છે.

કેન્દ્ર તથા રાજ્ય સરકારનાં એક કરોડથી વધુ બાકી માંગણાવાળી કચેરીઓ

| ક્રમ | પ્રોપર્ટી નં. | પ્રોપર્ટી ધારણ કરનાર નું નામ | સરનામું | બાકી માંગણું (રૂ.) |
|---|---|---|---|---|
| **કેન્દ્ર સરકારની કચેરીઓ** | | | | |
| ૧ | ૦૯૫૦/૦૦૫૮/૦૦૦ | ડીવીઝનલ મેનેજર, વેસ્ટ રેલ્વે, રાજકોટ | કોઠી કમ્પાઉન્ડ, સિવિલ હોસ્પિ. સામે, જામનગર રોડ, રાજકોટ | ૧૨,૬૬,૯૫,૩૧૦/- |
| ૨ | ૧૧૫૨/૦૦૨૯/૦૦૦ | એકાઉન્ટટ જનરલની કચેરી | એ.જી. ઓફીસ, G & SSA બિલ્ડિંગરેસકોર્સ રીંગ રોડ, રાજકોટ | ૧,૧૦,૯૪,૫૦૮/- |
| **રાજ્ય સરકારની કચેરીઓ** | | | | |
| ૩ | ૦૧૮૨/૦૦૦૪/૦૦૦ | પં.દીનદયાલ ઉપાધ્યાય મેડીકલ કોલેજ, રાજકોટ | સિવિલ હોસ્પિ. ચોક, જામનગર રોડ, રાજકોટ | ૩,૦૦,૧૧,૯૭૪/- |

| ક્રમ | પ્રોપર્ટી નં. | પ્રોપર્ટી ધારણ કરનાર નું નામ | સરનામું | બાકી માંગણું (રૂ.) |
|---|---|---|---|---|
| ૪ | ૦૪૮૭/૦૦૨૨/૦૦૦ | સમરસ બોયઝ હોસ્ટેલ | બિલ્ડિંગ નં. A, A1, A2, A3 સૌરા. યુની. પાસે, યુની. રોડ, રાજકોટ | ૧,૮૬,૫૭,૭૪૪/– |
| ૫ | ૦૪૮૭/૦૦૨૩/૦૦૦ | સમરસ ગર્લ્સ હોસ્ટેલ | બિલ્ડિંગ નં. B, B1, B2, B3 સૌરાષ્ટ્ર યુની. પારે, યુની. રોડ, રાજકોટ | ૧,૮૬,૧૪,૫૬૨/– |
| | | | **કુલ રકમ રૂ.** | **૨૦,૫૦,૭૪,૦૯૮/–** |

ઉપરોક્ત વસુલાતો સત્વરે કરી ઓડિટને રેકર્ડ આધારિત ખરાઈ કરાવેલ નથી.

(૨) સંસ્થા દ્વારા કેન્દ્ર તથા રાજ્ય સરકારની કચેરીઓ પાસેથી બાકી રહેતી વસુલાત પૈકી કેટલીક વસુલાત લાંબા સમયથી કર ન ભરેલ હોય તેવા છે. કેન્દ્ર તથા રાજ્ય સરકારની નમુનારૂપ બાકી માંગણાવાળા કરદાતાઓની સંખ્યા ૬૧ છે. તેમની પાસેથી કુલ રૂ.૩૩,૫૮,૩૩,૯૪૭/– જેટલો વેરો મૂળ ફકારામાં સામેલ પરિશિષ્ટ - અ અને બ મુજબ વસુલવાનો બાકી છે.

વિધાનસભા અહેવાલનો સૂચિત ફકરો તા.૦૩–૦૨–૨૦૨૨ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર તથા કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો. જેનો જવાબ તા.૨૦–૦૪–૨૦૨૨ના રોજ મળેલ છે. જે ગ્રાહ્ય રાખેલ નથી.

## ૪.૭ મહાનગરપાલિકાની મુખ્ય આવકના સ્ત્રોત એવા સામાન્ય કરની નબળી વસુલાત કામગીરી

## (ફકરા નં.૨૫)

ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ–૧૯૪૯ની કલમ–૧૨૭ અને કલમ–૧૨૯થી મહાનગરપાલિકાને મિલકત વેરો અને  સામાન્ય કર નાંખવાની સત્તા પ્રાપ્ત થયેલ છે. આ અધિનિયમની કલમ–૧૨૮ તેમજ કરવેરા નિયમોની જોગવાઇ મુજબ કર વસુલ કરવાની રીત નિયત થયેલ છે.

EDP CELL દ્વારા નિભાવવામાં આવેલ પ્રોપર્ટી ટેક્સ અંગેના સોફ્ટવેરની માહિતી મુજબ સને ૨૦૧૬-૧૭ના સામાન્ય કરની અગાઉના વર્ષની બાકી, ચાલુ વર્ષના માંગણા અને થયેલ વસુલાતની વિગત નીચે દર્શાવેલ છે.

(૧)

| ક્રમ | વર્ષનું કુલ માંગણું (રૂ.) | વર્ષ દરમિયાન થયેલ વસુલાત (રૂ.) | વર્ષના અંતે બાકી માંગણુ (રૂ.) | ટકાવારી |
|---|---|---|---|---|
| **વર્ષ – ૨૦૧૨–૧૩** | | | | |
| ૧ | ૫,૧૫,૪૭,૫૭,૫૭૩ | ૧,૫૯,૬૯,૩૨,૩૯૬ | ૩,૫૫,૭૮,૨૫,૧૭૭ | ૩૦.૯૮ |
| **વર્ષ – ૨૦૧૩–૧૪** | | | | |
| ૨ | ૫,૬૬,૭૮,૦૯,૧૨૩ | ૩,૪૬,૬૫,૪૧,૯૯૪ | ૪,૦૪,૨૮,૮૨,૦૬૪ | ૨૮.૬૭ |
| **વર્ષ – ૨૦૧૪–૧૫** | | | | |
| ૩ | ૬,૦૫,૧૦,૩૧,૭૦૩ | ૧,૭૨,૨૦,૦૯,૯૪૨ | ૪,૩૨,૯૦,૨૧,૭૬૧ | ૨૮.૪૬ |
| **વર્ષ – ૨૦૧૫–૧૬** | | | | |
| ૪ | ૬,૫૨,૩૯,૩૮,૪૫૪ | ૧,૭૩,૯૫,૫૭,૧૮૪ | ૪,૭૮,૪૩,૮૧,૨૭૦ | ૨૬.૬૬ |
| **વર્ષ – ૨૦૧૬–૧૭** | | | | |
| ૫ | ૭,૩૭,૯૮,૦૬,૧૭૪ | ૨,૬૨,૮૧,૭૫,૯૧૩ | ૪,૭૫,૧૬,૩૦,૨૬૧ | ૩૫.૯૬ |

મૂળ ફકારામાં સામેલ પરિશિષ્ટ મુજબના કરવેરા એ મહાનગરપાલિકાના આવકના મુખ્ય સ્ત્રોત છે જેમા સને ૨૦૧૨–૧૩ થી ૨૦૧૬–૧૭ સુધી ઉપરોક્ત કોષ્ટકની વિગતે વસુલાતની પરિસ્થિતિ જોતા વસુલાતની ટકાવારીમાં ઉત્તરોત્તર ઘટાડો થયેલ છે. આમ, વસુલાતમાં થયેલ ઘટાડો કરવેરાની નબળી વસુલાત સુચવે છે. તેમજ મૂળ ફકારામાં સામેલ પરિશિષ્ટની વિગતે આગલા વર્ષમાં વર્ષ અંતિત બાકી રહેલ માંગણુ તેમજ ત્યાર પછીના વર્ષના શરૂઆતના માંગણામાં પણ તફાવત જોવા મળે છે. આ તફાવત ક્યા કારણોસર રહેલ છે? તે અંગે ઓડિટને રેકર્ડ આધારીત ખરાઈ કરાવેલ નથી.

(૨) વોર્ડ વાઈઝ માંગણા રજીસ્ટર રજુ કરેલ નથી.

(૩) કરવેરા માંગણા તથા વસુલાતને લગત અદ્યતન રજીસ્ટર રજુ કરેલ નથી.

(૪) રૂ.૧ લાખ ઉપરના આસામીઓ પાસેથી બાકી માંગણું વસુલવા કોર્પોરેશન દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની વિગત અન્વેષણમાં રજુ કરેલ નથી.

(૫) સંસ્થાની વેરા વસુલાત શાખા પાસે પુરતો સ્ટાફ હોવા છતાં જે–તે કરદાતાઓ પાસેથી બાકી રહેલ માંગણાની નબળી વસુલાત કરેલ છે.

વિધાનસભા અહેવાલનો સૂચિત ફકરો તા.૦૩–૦૨–૨૦૨૨ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર તથા કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો. જેનો જવાબ તા.૨૦–૦૪–૨૦૨૨ના રોજ મળેલ છે. જે ગ્રાહ્ય રાખેલ નથી.

## ૪.૮ રેસકોર્ષ સંકુલ ખાતે સિન્થેટિક આર્ટીફિશીયલ ગ્રાસ (ટર્ફ) હોકી મેદાન બનાવવાના કામ બાબત (ફકરા નં.૭૧)

| | |
|---|---|
| કામની અંદાજીત રકમ | રૂ. ૫,૮૮,૦૦,૦૦૦/– |
| મંજૂર થયેલ ટેન્ડરની રકમ | રૂ. ૫,૪૬,૭૨,૨૪૦/– (૭.૦૨% નીચા ભાવ) |
| કુલ ખર્ચ રકમ | રૂ. ૪,૯૩,૧૨,૪૬૪/– |
| વસુલાત પાત્ર રકમ | રૂ. ૭૧,૯૩૦/– સ્ટેમ્પ ડ્યુટી<br>રૂ. ૧,૯૫,૦૦૦/– ક્વોલિફાઈડ ઈજનેર |

ઉકત કામ અંગે રજુ થયેલ વર્ક ફાઇલ, માપપોથી તેમજ ફાઇનલ બીલની ચકાસણી કરતાં નીચે મુજબ અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

(૧) ટેન્ડર પ્રસિદ્ધિનો સમયગાળો ૩૦ દિવસના બદલે ફક્ત ૧૪ દિવસ જ રાખેલ હતો.

(૨) નિયમોનુસાર ટેન્ડરની જાહેર નિવિદા વર્તમાનપત્રમાં આપેલ નથી.

(૩) ઘટતી સ્ટેમ્પ ડયુટી રૂ.૭૧૯૩૦ ઈજારદાર પાસેથી વસુલ કરેલ નથી.

(૪) ક્વોલિફાઈડ ઈજનેરની નિમણૂંક ન કરવા છતાં રૂ.૧,૯૫,૦૦૦/– ની વસુલાત કરેલ નથી.

(૫) આ કામમાં વપરાશ કરેલ માલસામાનની ખરીદી અંગેના અધિકૃત બીલો એજન્સી પાસેથી મેળવેલ હોવાના આધાર રજુ થયેલ નથી.

(૬) કોન્ટ્રાક્ટર દ્વારા વપરાશ કરેલ ખનીજ પર રોયલ્ટી ભરેલ હોવાનું સંબધિત કચેરીનું નો ડયુ સર્ટીફિકેટ મેળવી રજુ કરેલ નથી.

(૭) ગેરી લેબોરેટરીમાં ૧૦% વપરાશ કરેલ માલસામાન અંગે ટેસ્ટીંગ કરાવવામાં આવેલ નથી.

(૮) આ કામ અંગે સંસ્થા દ્વારા રજુ કરવામાં આવેલ ફાઇનલ બીલ સાથે જોડેલ આ કામ અંગેના **EXCESS-SAVING** પત્રકની ચકાસણી કરતા એજન્સી દ્વારા આ કામમાં મોટા પ્રમાણમાં વધ–ઘટ થયેલ છે. કામમાં થયેલ વધ–ઘટ અંગેના કારણો ફાઇલે સામેલ ન હોય ખરાઇ થઇ શકેલ નથી તેમજ એસ્ટીમેટ મુજબની કુલ–૧૩ આઇટમોની રૂ.૬૬,૫૪,૭૦૧/– રકમનું બિલકુલ કામ ન થવાને કારણે તથા અન્ય કુલ –૧૨ આઇટમોની રૂ.૭૭,૪૭,૦૯૫/–રકમ જેટલો ઓછો ખર્ચ થવાને કારણે કામની ગુણવત્તાને કોઇ અસર થયેલ છે કે કેમ તે અંગે ઓડિટને રેકર્ડ આધારિત ખરાઈ થઈ શકેલ નથી.

આ કામમાં વાપરવાની થતી અંદાજિત આઇટમો તથા આ કામમાં ખરેખર વાપરવામાં આવેલ આઇટમોમાં ઘણો તફાવત જોવા મળતો હોવા છતાં સંસ્થા દ્વારા સુધારેલ અંદાજ તૈયાર કરવામાં આવેલ નથી.

(૯) આ કામ અંગે એજન્સીને ચૂકવેલ રકમ રૂ.૪,૬૮,૨૦,૯૬૯/- ધ્યાને લેતા સંસ્થા દ્વારા એજન્સીનાં બીલમાંથી કુલ રૂ.૧૬,૮૫,૫૫૫/-કાનુની કપાતો થયેલ છે. જે રકમ સંસ્થા દ્વારા જે તે સમયે સરકારશ્રીમાં નિયત સદરે જમા કરાવેલ હોવાનાં આધાર રજૂ થયેલ નથી.

(૧૦) ઈજારદારશ્રી દ્વારા આ કામે લેબર લાયસન્સ મેળવ્યાની વિગતો રજુ કરેલ નથી.

(૧૧) સંસ્થા દ્વારા આ કામ અંગે એજન્સી સાથે તા.૨૪-૧૨-૨૦૧૪ ના રોજ કરાર કરેલ હતો, જ્યારે આ કામ અંગેનો વર્ક ઓર્ડર તા.૧૬-૦૩-૨૦૧૫ ના રોજ એજન્સીને આપેલ હતો. લાંબા સમય સુધી વર્ક ઓર્ડર ન આપવાના આધાર પુરાવા રજૂ કરેલ નથી.

વિધાનસભા અહેવાલનો સૂચિત ફકરો તા.૦૩-૦૨-૨૦૨૨ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર તથા કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો. જેનો જવાબ તા.૨૦-૦૪-૨૦૨૨ ના રોજ મળેલ છે. જે ગ્રાહ્ય રાખેલ નથી.

## ૪.૯ વોર્ડ નં ૧૨ રૈયા રોડ ટીપી સ્કીમ નં. ૪ ફાઈનલ પ્લોટ નં. ૬૮૨ ઉપર ઓડીટોરીયમ બનાવવાના કામ બાબત (ફકરા નં.૭૩)

| | |
|---|---|
| કામની અંદાજીત રકમ | રૂ. ૨૨,૩૭,૦૦,૦૦૦/- |
| મંજૂર થયેલ ટેન્ડરની રકમ | રૂ. ૨૪,૩૮,૩૩,૦૦૦/- (૯% ઉંચાભાવ) |
| કુલ ખર્ચ રકમ | રૂ. ૨૭,૫૮,૫૫,૫૩૩/- |
| વસુલાત પાત્ર રકમ | રૂ.૭૪,૩૨૪/- આઈ.ટી.<br>રૂ. ૪,૨૦,૦૦૦/- ક્વોલિફાઈડ ઈજનેર<br>રૂ.૨,૦૮,૧૦૭/- વેટ<br>રૂ.૩૭,૧૬૨/- લેબર સેસ |

ઉકત કામ અંગેની વર્ક ફાઈલ તથા માપપોથીની ચકાસણી કરતા નીચે મુજબ અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

(૧) ટેન્ડર પ્રસિદ્ધિનો સમયગાળો ૩૦ દિવસના બદલે ૧૫ દિવસ જ રાખેલ હતો.

(૨) ક્વોલિફાઈડ ઈજનેરની નિમણૂંક કરવામાં આવેલ ન હોવા છતા રૂ.૪,૨૦,૦૦૦/- ની વસૂલાત કરેલ નથી.

(૩) રૂ.૭૪,૩૨૪/-ની ઈન્કમટેક્ષની ઓછી કપાત કરેલ છે.

(૪) રૂ.૩૭,૧૬૨/- લેબર સેસની ઓછી કપાત કરેલ છે.

(૫) ઈજારદારના બીલમાંથી રૂ.૩,૪૬,૮૪,૪૨૭/- ના ૦.૬૦% મુજબ રૂ.૨,૦૮,૧૦૭/- ટીડીએસ તરીકે વેટની કપાત કરેલ નથી.

(૬) સદર "**SJMMSVY**"-**UDP-78** મુજબ રૂ.૧૩,૫૧,૯૫,૭૧૩/– અને **JnNURM** મારફત સામાજીક આંતર માળખાકીય સુવિધા હેઠળ રૂ.૧૦,૮૬,૩૭,૨૮૭/– ખર્ચ કરવામાં આવેલ છે. સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ ક્રમાક સજય/ ૧૦૨૦૧૨/૨૨૭/ઘ તા.૧૮/૦૭/૨૦૧૩ મુજબની ક્રમ ૨ માં સામાજીક આંતર માળખાકીય સુવિધાઓમાં આધુનિક ટાઉન હોલનો સમાવેશ કરવામાં આવેલ નથી. સંસ્થા દ્વારા આ યોજના હેઠળ કરવામાં આવેલ ઉક્ત કામ અંગેનો રૂ.૧૦,૮૬,૩૭,૨૮૭/– ખર્ચ સરકારશ્રીના ઠરાવની જોગવાઇ વિરૂધ્ધ થયેલ છે.

(૭) વપરાશમાં લીધેલ માલસામાનનું નિયમોનુસાર ટેસ્ટીંગ કરાવેલ નથી.

(૮) ઈજારદારશ્રીનું લેબર લાયસન્સ રજુ કરેલ નથી.

(૯) કોન્ટ્રાક્ટર દ્વારા વપરાશ કરેલ ખનીજ પર રોયલ્ટી ભરેલ હોવાનું સંબધિત કચેરીનું નો ડયુ સર્ટીફિકેટ મેળવી રજુ કરેલ નથી.

(૧૦) આ કામ અંગેના એજન્સીને થયેલ ચુકવણા અંગેનાં રનીંગ/ફાઇનલ બીલનાં વાઉચર અન્વેષણમાં રજુ થયેલ નથી.

(૧૧) આ કામનું સક્ષમ સત્તા અધિકારીનું કામ પુર્ણતા પ્રમાણપત્ર ફાઈલે સામેલ નથી.

(૧૨) નિયમોની જોગવાઈ વિરુદ્ધ સિંગલ ટેન્ડર સ્વીકારી કામગીરીનો વર્કઓર્ડર આપેલ છે.

વિધાનસભા અહેવાલનો સૂચિત ફકરો તા.૦૩–૦૨–૨૦૨૨ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર તથા કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો. જેનો જવાબ તા.૨૦–૦૪–૨૦૨૨ના રોજ મળેલ છે. જે ગ્રાહ્ય રાખેલ નથી.

### ૪.૧૦ નાકરાવાડી ખાતે બનાવવામાં આવેલ લેન્ડફીલ સેલ–૧ ને કેપીંગ કરવાનાં કામની ફાઈલમાં જણાયેલ અનિયમીતતા બાબત (ફકરા નં.૮૫)

| | |
|---|---|
| કામની અંદાજીત રકમ | રૂ. ૨,૬૫,૦૦,૦૦૦/– |
| મંજૂર થયેલ ટેન્ડરની રકમ | રૂ. ૩,૨૦,૯૬,૮૦૦/– (૨૧.૧૨% ઉંચા ભાવ) |
| કુલ ખર્ચ રકમ | રૂ. ૩,૩૪,૭૦,૬૨૯/– |
| વસુલાત પાત્ર રકમ | રૂ.૨૬,૫૦,૦૦૦/– વિલંબ વળતર<br>રૂ. ૨,૭૦,૦૦૦/– ક્વોલિફાઇડ ઈજનેર |

(૧) નિયમોનુસાર કામની ટેન્ડર પ્રસિદ્ધિ વર્તમાનપત્રમાં કરવામાં આવેલ નથી.

(૨) પ્રસ્તૂત કામમાં ટેન્ડર અંદાજે ૨૧.૧૨ ટકા જેટલુ ઉંચુ ભરાયેલ હોવા છતાં રેટ એનાલીસીસ કરેલ નથી તેમજ રીવાઈઝ તાંત્રિક અને વહિવટી મંજુરી મેળવેલ નથી.

(૩) પ્રસ્તુત ફાઈલના નોટીંગ પાના નં–૬ ઉપરની નોંધ મુજબ રાજકોટ મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા નાકરાવાડી લેન્ડફીલ સાઈટ ખાતે લેન્ડફીલ સેલ–૧ બનાવવાનાં કામનો કોન્ટ્રાક્ટ મે. હંજર બાયોટેક એનર્જીસ પ્રા.લી ને સોંપવામાં આવેલ હતો, પરંતુ લેન્ડફીલ સેલ–૧ને કેપીંગ કરવાની કામગીરી તેમજ લેન્ડફીલ સેલ–૨ ની કન્સ્ટ્રક્શનની કામગીરી મે. હંજર બાયોટેક એનર્જીસ પ્રા.લી. પાસે ન કરાવતા સંસ્થાએ એજન્સી સાથે કરાર રદ કરેલ હતો. આમ, કેપીંગની કામગીરી શરૂ કરવાની થાય તે પહેલા કોન્ટ્રાક્ટ રદ કરેલ હતો,

(૪) પ્રસ્તૂત કામમાં સંસ્થાએ ૧૦% ટેસ્ટીંગ ગેરીમાં કરાવ્યા હોવા અંગેના આધારો રજુ કરેલ નથી.

(૫) ૫ ટકાનાં પરફોર્મન્સ બોન્ડ લીધા અંગેના આધારો રજુ કરેલ નથી.

(૬) કામની અંદાજીત કિંમતના ૧૦%ની મર્યાદામાં રૂ.૨૬,૫૦,૦૦૦/– વિલંબ વળતરની વસુલાત કરેલ નથી.

(૭) યોગ્ય આયોજનના અભાવે કુલ રૂ.૬૯,૭૦,૬૨૯/– જેટલી માતબર રકમ વધારે ખર્ચ કર્યા બાદ પણ સમયમર્યાદા કરતા દોઢ વર્ષ કાર્ય મોડુ પુર્ણ થયેલ છે.

(૮) સદર કામમાં ઈજનેરશ્રીની નિયુક્તિ કર્યાના આધારો ફાઈલે સામેલ ન હોય, જેથી એક માસનાં ૧૫,૦૦૦/– લેખે ૧૮ માસનાં રૂ.૨,૭૦,૦૦૦/– એજન્સી પાસેથી વસુલી અન્વેષણને આધારસહ ખરાઈ કરાવેલ નથી.

(૯) નિયમોની જોગવાઈ વિરુદ્ધ સિંગલ ટેન્ડર સ્વીકારી કામગીરીનો વર્કઓર્ડર આપેલ છે.

વિધાનસભા અહેવાલનો સૂચિત ફકરો તા.૦૩–૦૨–૨૦૨૨ના રોજ અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર તથા કમિશનરશ્રી, મહાનગરપાલિકા રાજકોટને રવાના કરવામાં આવેલ હતો. જેનો જવાબ તા.૨૦–૦૪–૨૦૨૨ના રોજ મળેલ છે. જે ગ્રાહ્ય રાખેલ નથી.